।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।
।। आयओ गुरुबहुमाणो ।।

# દિવાળી

ગુરુ ગૌતમની
અનુભૂતિ

## પ્રિયમ્


અહો શ્રુતમ્

**બાબુભાઈ – અમદાવાદ મો. +91 9426585904**
ahoshrut.bs@gmail.com

**મિહિરભાઈ – વડોદરા મો. +91 9824319414**

**હર્ષભાઈ – મુંબઈ મો. +91 8828356826**



આસો (૨), વિ. ૨૦૭૬

દેશાવર ગયેલો એક માણસ પોતાને દેશ પાછો ફરી રહ્યો છે. એ જે કમાયો હતો એ બધું એણે અલગથી મોકલી દીધું છે. થોડો પરિવાર સાથે હતો એને ય આગળ મોકલી દીધો હતો. બસ, હવે આજીવન નિરાંત. ઘરે પહોંચીને પરિવારની સાથે કમાયેલું માણવાનો અવસર... શાંતિની જિંદગી વીતાવવાનો અવસર... મન ભરીને બધાને મળવાનો અવસર... આશાઓ, અરમાનો, સપનાઓ-બધું જ એ માણસને ઘેરી વળ્યું છે. એના દરેક પગલે પ્રતીક્ષા છે, એની ચાલમાં આતુરતા છે, એની આંખોમાં ઉત્સુકતા છે. એના રોમે રોમે તલસાટ છે... ત્યાં તો એના દેશના લોકો સામે મળે છે... નજીક આવતા સાથે કહે છે, ''અલ્યા, તારા ઘર પર તો ગઈ કાલે રાતે વીજળી પડી.'' પેલો ચોંકી જાય છે, ''શું વાત કરો છો ?'' ''હાસ્તો, બધું જ બળીને ખાખ

થઈ ગયું.'' પેલાને તો જાણે સાંભળતા વેંત માથા પર વીજળી પડી. વરસોની મહેનત... જીવનભરની મૂડી.. જીવનભર જેના પર નભવાનું હતું એ મિલકત, મહામુસીબતે ઊભું કરેલું ઘર... બધું જ રાખ...

**''ને ને... મારું કુટુંબ ?...' એ માણસના અક્ષરે અક્ષરમાં અમંગળની આશંકા વરતાઈ રહી. ને પેલા લોકોએ બહુ જ સરળતાથી કહ્યું, ''તારા મા-બાપ તો ઘેર જ હતા. વીજળી પડ્યાના પા કલાક પહેલા જ તારી પત્ની ને છોકરા ઘર-ભેગા થયા હતા. બધા એમાં જ ભડથું થઈ ગયા...'' ને બેભાન બનીને એ માણસ પટકાયો. એ જીવે છે કે નહીં એ ચેક કરાતું હતું. ત્યાં કોઈ બોલ્યું એ જીવતો હોય તો ય મરી જ ગયો છે.**

દિવાળીની રાત એટલે વીજળીની રાત. દિવાળીની રાત એટલે આંચકાની રાત. દિવાળીની રાત એટલે સર્વનાશની રાત. દિવાળીને દુનિયાની આંખે તો ઘણી વાર જોઈ, આજે દિવાળીને ગૌતમસ્વામીની આંખે જોવાનો પ્રયાસ કરવો છે. દુનિયા માટે આ 'દીવા' નો દિવસ છે. ગૌતમસ્વામીને મન આ અંધારાનો દિવસ છે. **દુનિયાને મન આ મિઠાઈનો દિવસ છે. ગૌતમસ્વામીને મન આ કડવો ઝેર જેવો દિવસ છે. દુનિયાને મન આ નવા કપડાનો દિવસ છે, ગૌતમસ્વામીને મન આ 'સંઘ-તીરથની લાજ' લૂંટાવાનો દિવસ છે. દુનિયાને મન આ મંગળ દિવસ છે, ગૌતમસ્વામીને મન આખા ય કાળચક્રમાં આના કરતા વધુ અમંગળ દિવસ બીજો કોઈ જ નથી. દુનિયાને મન આ રંગોળી પૂરવાનો દિવસ છે. ગૌતમસ્વામીને મન આ બધું જ કાળું ધબ્બ કરી**

**દેનાર દિવસ છે. દુનિયાને મન આ આનંદ-પ્રમોદનો દિવસ છે. ગૌતમસ્વામીને મન આ આક્રંદ અને આઘાતનો દિવસ છે.**

પેલો માણસ દેશાવરથી નીકળ્યો હતો. ગૌતમસ્વામી દેવશર્મા બ્રાહ્મણના ગામથી નીકળ્યા છે. એ માણસનું સર્વસ્વ એના ઘરમાં હતું. ગૌતમસ્વામી જેને એમનું ઘર માનતા હતા એ અપાપાપુરીમાં હતું. એ માણસની બધી જ મૂડી ને બધો જ પરિવાર એના ઘરે હતો. ગૌતમસ્વામીની બધી જ મૂડી ને બધો જ પરિવાર અપાપાપુરીમાં હતો. એ માણસના પગલે પગલે પ્રતીક્ષા હતી, ગૌતમસ્વામીની પળે પળે પ્રતીક્ષા હતી. એ માણસની ચાલમાં આતુરતા હતી, ગૌતમસ્વામીની આખી ય અસ્મિતામાં આતુરતા હતી. એ માણસની આંખોમાં ઉત્સુકતા હતી, ગૌતમસ્વામીનો એક એક આત્મપ્રદેશ

ઉત્સુક બન્યો હતો. એ માણસની રોમે રોમે તલસાટ હતો, ગૌતમસ્વામીનો તલસાટ એમની આસપાસના આખાય વાતાવરણ સુદ્ધાને જાણે તલસાવી રહ્યો હતો.

**જ્યાં મહાવીર એ જ મૂડી છે. એમનું નામ ગૌતમસ્વામી. જ્યાં મહાવીર એ જ પરિવાર છે એમનું નામ ગૌતમસ્વામી. જ્યાં મહાવીર એ જ ઘર છે એમનું નામ ગૌતમસ્વામી. જ્યાં મહાવીર એ જ અસ્તિત્વ છે, એમનું નામ ગૌતમસ્વામી.**

કદાચ કોઈ જિજ્ઞાસુ ગૌતમસ્વામી પાસે આવ્યો હશે... પૂછ્યું હશે, ''આપ કહેવાઓ તો છો અનંત લબ્ધિના નિધાન, પણ આપની સાંભળી તો ફક્ત બે-ત્રણ લબ્ધિ જ છે. આપે અંગૂઠો ખીરમાં રાખ્યો ને એક પાત્રી ખીરથી ૧૫૦૦ ને પારણા કરાવી દીધા એ અક્ષીણમહાનસી લબ્ધિ. આપ સૂરજના

કિરણોને પકડીને અષ્ટાપદ પર્વત પર ચડી ગયા એ ચારણ લબ્ધિ. આપ જેને જેને દીક્ષા આપો તેને તેને કેવળજ્ઞાન થાય જ એ દીક્ષા – કૈવલ્યલબ્ધિ... પણ મારે તો આપની અનંત લબ્ધિઓના નામ જાણવા છે. શું મને આપ એમના નામ આપશો ?''

વાત આપણી છે, લબ્ધિઓનું આપણને આકર્ષણ છે. આપણે લખવાના–ગૌતમસ્વામીની લબ્ધિ હોજો. પણ જે લબ્ધિઓની પણ લબ્ધિ છે, જે સર્વોત્કૃષ્ટ લાભ છે, એની આપણને ઈચ્છા તો નથી જ એનો આપણને ખ્યાલ સુદ્ધા નથી. જિનાગમ કહે છે –

**सव्वुत्तमलाभाणं सामण्णं चेव लाभ मन्नंति ।**

*વિશ્વના સર્વોત્તમ લાભોમાં પણ સર્વશ્રેષ્ઠ લાભ કોઈ હોય તો એ છે શ્રામણ્યનો લાભ.*

*બીજા શબ્દોમાં કહીએ*

*તો મહાવીર જ મૂડી થઈ જાય એ લાભ.*

આપણે ૮૦ વર્ષ નથી જીવતા, આપણે એકનું એક વર્ષ ૮૦ વાર જીવતા હોઈએ છીએ. આપણે નૂતન વર્ષાભિનંદન આપીએ છીએ, આપણે નૂતન વર્ષાભિનંદન લઈએ છીએ, પણ હકીકતમાં એ જ જુનું વર્ષ ફરી ફરી આપણે માથે પડતું હોય છે.

**ઘર ધર્મશાળા લાગે ને 'ધર્મ' જ ઘર લાગે તો નવું વર્ષ છે. સ્વજનો મુસાફરો લાગે ને સંઘ જ સ્વજન લાગે તો નવું વર્ષ છે. પૈસો રાખ લાગે ને આરાધના જ પૈસો લાગે તો નવું વર્ષ છે. ઘરેણા ધૂળ લાગે ને જિનાજ્ઞા જ ઘરેણું લાગે તો નવું વરસ છે. મૂડી માથે પડેલી લાગે ને મહાવીર જ મૂડી લાગે તો નવું વરસ છે, બાકી કહેવાતા અભિનંદનો આપણને નવું વરસ આપી શકવાના નથી.**

જિજ્ઞાસુની આંખોમાં અનંત લબ્ધિઓની જિજ્ઞાસા તરવરી રહી હશે. ગૌતમસ્વામીએ એક અગમ્ય સ્મિત કરીને હાથમાં એક મોટામાં મોટો કાગળ લીધો હશે, કલમ દોડવા લાગી હશે. નાનામાં નાના અક્ષર કાઢીને ગૌતમસ્વામી લખે જતા હશે. જિજ્ઞાસુ અવનવી લબ્ધિઓની કલ્પનાઓથી ઉત્તેજિત થઈ રહ્યા હશે. એ રાહ જોઈ જોઈને થાકી ગયો હશે, અધીરા બનીને એણે કાગળ લઈ લીધો હશે, ને જોતાની સાથે એ સ્તબ્ધ થઈ ગયો હશે... ગૌતમસ્વામીએ હજારો વાર એક જ શબ્દ લખ્યો હશે. મહાવીર...

આ શું ?...ના ભાવ સાથે એણે ગૌતમસ્વામીની સામે જોયું હશે. ને ગૌતમસ્વામીએ એ જ અગમ્ય સ્મિત સાથે કહ્યું હશે. ''હજી તો સંખ્યાતી લબ્ધિના નામ લખ્યા છે. અનંતી લબ્ધિઓના નામ લખવા

અનંત કાગળો જોઈશે. અનંત પળો જોઈશે ને અનંત ભવો જોઈશે. છતાં... દરેક લબ્ધિનું નામ તો આ જ છે. મહાવીર...

**આ ચાર અક્ષર બોલતા બોલતા ગૌતમસ્વામીનો કંઠ ગળગળો થઈ ગયો હશે. જિજ્ઞાસુએ માર્ક કર્યું હશે કે એમની આંખોમાંથી સતત નીકળી રહેલા ગંગા-સિન્ધુના પ્રવાહે એમના વસ્ત્રોને રીતસર ભીંજવી દીધા છે, આ કાગળ ખુદ ટપક ટપક થઈ રહ્યો છે... ને 'મહાવીર' બોલતાની સાથે એમના સાડા ત્રણ કરોડ રુંવાડા એક સાથે ટટ્ટાર થઈ ગયા છે.**

નવા વર્ષની ખરી વ્યાખ્યા આ છે. કોઈએ ગૌતમસ્વામીને પૂછ્યું હશે કે આપ ''પ્રભુ મહાવીરનું સ્મરણ ક્યારે કરો ? સવારે ઉઠીને તરત કરો ?'' ગૌતમસ્વામીએ ઘડ્ દઈને ના પાડી દીધી હશે.

''ત્રિકાળ સ્મરણ કરો ?'' ગૌતમસ્વામીએ સ્પષ્ટ નનૈયો ભણી દીધો હશે. પૂછનાર મૂંઝાયો હશે, ને પૂછી બેઠો હશે, ''તો પછી ક્યારે સ્મરણ કરો છો ?'' ગૌતમસ્વામીએ મક્કમતા સાથે જવાબ આપ્યો હશે, ''કદી નહીં.''

હવે પૂછવાની જગ્યા જ બાકી નથી રહી. જિજ્ઞાસુ સ્તબ્ધ બની ગયો હશે... ગૌતમસ્વામીનો આ જવાબ ? કદી મહાવીરસ્વામીનું સ્મરણ જ ન કરે ? ને ગૌતમસ્વામીએ એ જ સ્વસ્થતા સાથે જવાબ આપ્યો હશે, ''હું મહાવીરને કદી યાદ નથી કરતો, કારણ કે હું કદી મહાવીરને ભૂલતો જ નથી. સ્મરણ એમનું કરવાનું હોય, જેમનું વિસ્મરણ થયું હોય, મને મહાવીરનું વિસ્મરણ જ નથી થતું, માટે હું એમનું સ્મરણ નથી કરતો.

આપણે કહીએ છીએ મહાવીર એ જ જેમની

મૂડી, એ જ જેમનું ઘર ને પરિવાર, એમનું નામ ગૌતમસ્વામી. કદાચ ગૌતમસ્વામી આ વાત સાથે સમ્મત નહીં થાય. કદાચ ગૌતમસ્વામીને આ વાત પર હસવું આવશે. કદાચ ગૌતમસ્વામી આપણને ઉપાલંભ આપશે.

विनायकं प्रकुर्वाणो रचयामास वानरम् ।

**તમે તો ગણેશજીને ઘડવા બેઠા ને વાંદરો ઘડી કાઢ્યો... ગૌતમસ્વામીને સમજવા માટે ય કદાચ 'ગૌતમસ્વામી' સુધી પહોંચવું પડશે. ગૌતમસ્વામીને પૂછવામાં આવે તો એ કદાચ કહે - મહાવીર એ જ જેમની દુનિયા છે એમનું નામ ગૌતમસ્વામી. ગૌતમસ્વામીને મન મહાવીર સમાન કોઈ જ નથી, ગૌતમસ્વામીને મન મહાવીરથી ઊંચું કોઈ જ નથી. ને ગૌતમસ્વામીને મન મહાવીરથી નીચું ય કોઈ જ**

**નથી, કારણ કે ગૌતમસ્વામીને મન મહાવીર સિવાય કોઈ છે જ નહીં.**

તમે મને પૂછો - ૪૫ આગમનો સાર શું છે ?, મારો જવાબ છે 'ગૌતમસ્વામી.' તમે મને પૂછો - મોક્ષનો શોર્ટેસ્ટ કટ કયો છે ? મારો જવાબ છે, 'ગૌતમસ્વામી', તમે મને પૂછો - અમારે કોને રોલ મોડલ બનાવીને જીવવું ? મારો જવાબ છે 'ગૌતમસ્વામી'.

દેવશર્મા બ્રાહ્મણના ઘરથી 'પોતાના ઘર' સુધીની યાત્રામાં ગૌતમસ્વામી આગળ વધી રહ્યા છે. ને એમાં સમાચાર મળે છે - 'મહાવીર ગયા' ગૌતમસ્વામી પર વીજળી તૂટી પડે છે, ના, ગૌતમસ્વામી પર ઉલ્કા તૂટી પડે છે, ના ગૌતમસ્વામી પર આખો પહાડ તૂટી પડે છે. ના, ગૌતમસ્વામી

પર દુઃખોના ડુંગરા તૂટી પડે છે. ના, ગૌતમસ્વામીની આખી દુનિયા તૂટી પડે છે.

ધબાક દઈને ગૌતમસ્વામી પડ્યા હશે. આઘાત વજ્રાઘાત બન્યો હશે. શોક સાગર બન્યો હશે. દુઃખ દાવાનળ બન્યું હશે. પીડા પહાડ બની હશે. શબ્દો નિઃશબ્દ બન્યા હશે. કંઠ ડુમો બન્યો હશે...

**ગૌતમસ્વામી જેવી આજે અમારી હાલત છે. એ વજ્રાઘાતમાં હતા, અમે ય વજ્રાઘાતમાં છીએ. એમને ભૌતિક દેહે મહાવીર મળ્યા હતા. અમને શબ્દદેહે મહાવીર મળ્યા. એમને મળેલા મહાવીરનો એમણે નજર સામે અગ્નિસંસ્કાર જોવો પડ્યો. આજે અમે જિનવાણી–સ્વરૂપ શબ્દદેહ મહાવીરને નજર સામે ભસ્મસાત્ થતા જોઈ રહ્યા છીએ. પાઠશાળાઓ એ મહાવીરનો શબ્દદેહ છે, જ્ઞાનભંડારો એ મહાવીરનો અક્ષરદેહ છે. પ્રવચનો એ મહાવીરનો**

**ઉપદેશદેહ છે. સત્સાહિત્ય એ મહાવીરનો દેશનાદેહ છે. સંઘ એ મહાવીરનો આદર્શદેહ છે. પ્રભુભક્તિ એ મહાવીરનો અધ્યાત્મદેહ છે. ધ્યાન એ મહાવીરનો આંતરદેહ છે, ચારિત્ર એ મહાવીરનો આચારદેહ છે, અમારું પરમ દુર્ભાગ્ય છે કે અમારા જીવતા અમારે આ મહાવીરનો અગ્નિસંસ્કાર જોવો પડે છે.**

એ મહાવીરનું આયુષ્ય પૂરું થયું હતું. આ મહાવીરને અકાળે મારવામાં આવી રહ્યા છે. એ મહાવીરનું આયુષ્ય એક ક્ષણ પણ વધી શકે તેમ ન હતું. આ મહાવીરનું આયુષ્ય આપણે સાડા અઢાર હજાર વર્ષ આગળ ધપાવવાનું છે. એ મહાવીરની વિદાય આપણે ન ઈચ્છીએ તો ય નિશ્ચિત હતી, આ મહાવીરને આપણે આપણી ઈચ્છાથી વિદાય આપી રહ્યા છીએ. એ મહાવીર કૃતકૃત્ય થઈને ગયા હતા. આ મહાવીરે આજે હજારોગણી તાકાતથી કામે

લાગવું પડે એમ છે. એ મહાવીર માર્ગરૂપે જીવંત રહ્યા એનું આશ્વાસન હતું, આજે માર્ગ ખુદ મરી રહ્યો છે એનો આઘાત છે.

**મહાવીરના અગ્નિસંસ્કારની કલ્પના પણ ગૌતમસ્વામીને જીવતા દઝાડતી હતી, આજે બરફ જેવી ઠંડક સાથે મહાવીરના અગ્નિસંસ્કારનો મહોત્સવ મનાવાઈ રહ્યો છે. તમે ભલે લખો–ગૌતમસ્વામીની લબ્ધિ હોજો - મારે લખવું છે - મહાવીર ખાતર રડી પડનાર હોજો. તમે ભલે લખો - શાલિભદ્રની ઋદ્ધિ હોજો - મારે લખવું છે મહાવીર ખાતર કૂદી પડનાર હોજો. તમે ભલે લખો કયવન્ના શેઠનું સૌભાગ્ય હોજો. મારે લખવું છે મહાવીર ખાતર મરી પડનાર હોજો.**

આર્થિક દૃષ્ટિએ મોટા મોટા ચમરબંધીઓ અહીં બેઠા છે. મોટી મોટી લાગવગવાળા ને ડાયરેક્ટ ડાયલિંગવાળા અહીં બેઠા છે. બુદ્ધિના બાદશાહોનો

પણ અહીં તોટો નથી. તોટો છે શાસન ખાતર રડી પડનારનો અને કૂદી પડનારનો.

નવા વરસની અગણિત અપેક્ષાઓ લઈને તમે આવ્યા છો, ત્યારે મારે એટલું જ કહેવું છે કે તમારે જો સુખી થવું હોય તો શાસન ખાતર દુઃખી થઈ જાઓ, તમારે જો શાંતિ જોઈતી હોય તો શાસન ખાતર સળગી જાઓ, તમારે જો સમૃદ્ધિ જોઈતી હોય તો શાસનસંવેદનાની ગરીબીમાંથી તાત્કાલિક બહાર આવી જાઓ. મહાવીર ખાતર રડી પડનારને જ ગૌતમસ્વામીની લબ્ધિ મળવાની છે. મહાવીર ખાતર કૂદી પડનારને જ શાલિભદ્રની ઋદ્ધિ મળવાની છે. મહાવીર ખાતર મરી પડનારને જ કયવન્ના શેઠનું સૌભાગ્ય મળવાનું છે.

૧૪૪૪ ગ્રંથકર્તા પૂ. હરિભદ્રસૂરિ મહારાજા અષ્ટક પ્રકરણમાં કહે છે –

कर्तव्या चोन्नतिः सत्यां शक्ताविह नियोगतः ।
अवन्ध्यं बीजमेषा यत् तत्त्वतः सर्वसम्पदाम् ।।

તમારી જે પણ શક્તિ હોય
તે તમે અવશ્ય શાસનની ઉન્નતિ માટે લગાડજો કારણ
કે સર્વ સંપત્તિઓનું આ જ અવન્ધ્ય બીજ છે.

अत उन्नतिमाप्नोति जातौ जातौ हितोदयाम् ।
क्षयं नयति मालिन्यं नियमात् सर्ववस्तुषु ।।

આનાથી ભવોભવ ઉન્નતિ થાય છે.
આનાથી ભવોભવ હિત થાય છે.
રોગ-પીડા-દરિદ્રતા-દુઃખ-અકસ્માત્-અપયશ
વગેરે કોઈ ભવે આવવાની શક્યતા જ
રહેતી નથી
'સારું' બધું જ મળે છે
'ખરાબ' બધું જ ટળે છે.

ગૌતમસ્વામી બેભાન થઈને ઢળી પડ્યા છે. પથિકો એમને ઘેરી વળે છે. ઉપચારો થાય છે. ગૌતમસ્વામી ભાનમાં આવે છે. જંગલ આખાને રડાવે એવું આક્રંદ કરે છે... વીર... વીર... ઓ વીર... ઓ મહાવીર...

ગૌતમસ્વમીનું રુદન હોજો... મહાવીર ખાતર રુદન હોજો...નવા વરસ માટે.. સુખ-શાંતિ માટે...ઋદ્ધિ-વૃદ્ધિ માટે... સમાધિ સદ્ગતિ માટે.. સ્વર્ગ-મોક્ષ માટે આપણને વધુ કશું જ જરૂરી નથી...સિવાય ગૌતમસ્વામીનું રુદન... મહાવીર ખાતર રુદન...

આક્રન્દ આત્મનિરીક્ષણમાં પરિણમ્યું. મહાવીરે ખુદ હાથ લંબાવ્યો ને ગૌતમસ્વામી ક્ષપકશ્રેણિના સોપાનો ચડવા લાગ્યા... પ્રત્યેક ક્ષણે એમનું ને મહાવીરનું અંતર ઘટતું ગયું...ને એક પાવન ક્ષણે

એમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઈ.

## હોસું તુલ્લા બેઉ

છેવટે આપણે બે ય સરખા થઈ જઈશું. એ પ્રભુવચનનો એમને સાક્ષાત્કાર થઈને રહ્યો.

'મહાવીર' ને આપણને મળવામાં કોઈ જ વાંધો નથી. 'મહાવીર'ની શાશ્વત શરત એટલી જ છે કે તમારી પાસે અશ્રુની મૂડી હોવી જોઈએ.

**ચંદનબાળાને આંસું આવી ગયા તો મહાવીર પાછા આવ્યા હતાં. સિંહ અણગાર ધ્રુસકે ધ્રુસકે રડ્યા તો મહાવીરે ખુદ એમને બોલાવ્યા હતા. ગૌતમસ્વામીએ હૈયાફાટ રુદન કર્યું તો મહાવીરે મોક્ષ સુદ્ધાથી એમના ખાતર હાથ લંબાવ્યો હતો.**

આપણી પાસે સોના-ચાંદીના વરખ છે. આપણી પાસે મોતીના વધામણા છે, આપણી પાસે

લાખો ને કરોડો રૂપિયા ન્યોચ્છાવર કરવાની તૈયારી છે. આપણી પાસે એક 'આંસું' નથી, માટે જ મહાવીર આપણને મળતા નથી.

દિવાળીની રાતે ગૌતમસ્વામીને મહાવીરનો વિયોગ થયો, નૂતન વર્ષની મંગલ પ્રભાતે એમને મહાવીરનો સંયોગ થયો. અનાદિની અંધારભરી રાતનો અંત આવે, એક એવી અશ્રુધારા પ્રગટે જેનાથી આપણો ને મહાવીરનો સંયોગ થઈ જાય એ આપણા માટે ખરા અર્થમાં નૂતન વર્ષ બની રહેશે.

**આવા નૂતનવર્ષ માટે સકલ શ્રીસંઘને લાખ લાખ અભિનંદન.**

# ❄ આધ્યાત્મિક દિવાળી ❄

**રોમે રોમે શાસનદાઝના દીવા પ્રગટે**
**હૃદયના આંગણે શાસનરંગની રંગોળીઓ થાય**
**મન ભરીને શાસનમગ્નતાની મિઠાઈઓ ખવાય**
**વટવાળા શાસનવ્હાલના વસ્ત્રો પહેરાય**
**આત્મઘરમાં શાસનઘરોબાના ઘરેણા રણકતા હોય**
**આનું નામ આધ્યાત્મિક દિવાળી,**

નવું વર્ષ
દિવાળી વિના કદી આવતું નથી.
માટે જ આપણે જુનું ને જુનું જીવ્યા કરીએ છીએ.
દિવાળી લાવો
કેલેન્ડરે આપેલી દિવાળી નહીં
કાળજાએ આપેલી દિવાળી.

દિવાળી આવશે
તો નવું વરસ જરૂર આવશે.
એ દિવસે આપણા જુના-જર્જરિત દેદાર
સમૂળગા પલટાઈ જશે.
ને આપણે ચકચકાટ થઈને
શોભી ઉઠશું.

✺

## BOOKS FOR THE GENERAL PUBLIC

૧. **Mission સ્વચ્છ સાયબર** (હિં.ગુ.) - સફાઈ સામગ્રી

૨. **નારી ગરિમા** - ૧૬ વર્ષની દીકરી માટે ૧૬ પાના

૩. **Court Says** (હિં.ગુ.) - ગંદા પ્રસારતંત્ર પર કોર્ટની સમાલોચના

૪. **સર્વ ધર્મશાસ્ત્રોં કે અભિપ્રાય** (હિં.) - ગંદા પ્રસારતંત્રનો સર્વ ધર્મો દ્વારા વિરોધ-સચિત્ર

૫. **સર્વ ધર્મગુરુઓં કે અભિપ્રાય** (હિં.) - વિવિધ ધર્મસંપ્રદાયો દ્વારા ગંદા પ્રસારતંત્રનો વિરોધ

૬. **લાઈન્સ On ગાઇડલાઈન્સ** (હિં.) - પ્રસારતંત્ર ગાઈડલાઈન પર સીધા પ્રશ્ન

૭. **રાષ્ટ્રહિત - પત્રવ્યવહાર** (હિં.) - પ્રસારતંત્ર-સ્વચ્છતા માટેના પ્રયાસો

Book link - bit.ly/priyambooks

આના દ્વારા પુસ્તકોની Soft Copy Free મળશે.

આપ જરૂર મુજબ પ્રિન્ટ કાઢી શકશો.